# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

**India's National Spiritual Newspaper**

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 APRIL | NO: 02


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

માર્ક ૧૬: ૯ થી ૧૬

૯. અઠવાડિયાના પહેલા દહાડાને પ્રભાતે તે પાછો ઊઠીને મગ્દલાની મરિયમ, જેનામાંથી તેણે સાત ભૂત કાઢ્યાં હતાં, તેને તે પહેલો દેખાયો.

૧૦. જેઓ તેની સાથે રહેલા હતા, તેઓ શોક તથા રુદન કરતા હતા, ત્યારે તેણે તેઓની પાસે જઈને ખબર આપી.

૧૧. તે જીવતો છે, ને તેના જોવામાં આવ્યો છે, એ સાંભળીને તેઓએ માન્યું નહિ.

૧૨. તે પછી તેઓમાંના બે જણ ચાલતાં ગામડે જતા હતા, એટલામાં તે બીજા રૂપમાં તેઓને દેખાયો.

૧૩. તેઓએ જઈને બાકી રહેલાઓને તે કહ્યું, પણ તેઓએ તેઓનું માન્યું નહિ.

૧૪. તે પછી અગિયાર શિષ્યો જમવા બેઠા હતા, ત્યારે તે તેઓને દેખાયો. તેણે તેઓના અવિશ્વાસ તથા કઠણ હૃદયને લીધે તેઓને ઠપકો દીધો; કેમ કે તેના પાછા ઊઠ્યા પછી જેઓએ તેને જોયો હતો, તેઓનું તેઓએ માન્યું નહોતું.

૧૫. તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો.

૧૬. જે કોઈ વિશ્વાસ કરે તથા બાપ્તિસ્મા લે, તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે.

## પુનરુત્થાન પછીની આશા

THE HOPE BEHIND RESURRECTION!


માનદ મુખ્ય સંપાદક

રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી




ઈસ્ટર એ નવી આશાને તાજી કરવાની ઉજવણી છે - તે સમય જ્યારે ખ્રિસ્તના પુનરુત્થાન દ્વારા નિરાશા આનંદમાં પરિવર્તિત થાય છે. તેમ છતાં, આપણા વ્યસ્ત જીવનોમાં અને અવિરત સંઘર્ષોની વચ્ચે, આશા કેટલીકવાર દૂર હોય એવું લાગે છે. એવી ક્ષણો હોય છે જ્યારે આપણો વિશ્વાસ ડગમગી જાય છે, જ્યારે આપણા દૃષ્ટિકોણ પર શંકારૂપી વાદળો આવી જાય છે, અને જ્યારે આપણે કાર્ય પર ઈશ્વરના હાથને સમજવા માટે સંઘર્ષ કરીએ છીએ. જો તમે ક્યારેય અનિશ્ચિતતાથી ડૂબી ગયા છો, તો ધ્યાન રાખો - તમે એકલા નથી.

લૂક ૨૪:૧૩-૩૫માં એમ્મોસ ગામના માર્ગે જતા બે શિષ્યોની વાર્તા, આ સત્યને સામર્થ્યવાન રીતે દર્શાવે છે. તે આપણને યાદ અપાવે છે કે આપણી શંકાની ક્ષણોમાં પણ, ઈસુ આપણી સાથે ચાલે છે, આપણા વિશ્વાસને ફરીથી જીવંત કરવા અને આપણી આશાને પુનઃસ્થાપિત કરવા તૈયાર છે.

### અવિશ્વાસનો બોજ :

બે શિષ્યો ધૂળિયા રસ્તા પર ચાલતા હતા, તેમના પગલાં ઉદાસી અને તેમના હૃદયો નિરાશાના બોજથી દબાઈ ગયા હતા એવું દ્રશ્ય જોવા મળતું હતું.


(અનુસંધાન પાન ૩ પર)



ઈકો ઓફ હીઝ કોલ



ખ્રિસ્તી યુટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## from your dearly beloved brother...

REACHING NATIONS





"કેમ કે આ દેવ આપણો સનાતન દેવ છે; તે મરણ પર્યંત આપણો દોરનાર થશે." – ગીતશાસ્ત્ર ૪૮:૧૪.

ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ!

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં શુભેચ્છાઓ!! **"યહોવા પ્રભુ ઉત્તમ છે; તેની કૃપા સર્વકાળ ટકે છે."** ૨ કાળવૃત્તાંત ૭:૩.

ઈશ્વરના વિશ્વાસુપણા દ્વારા, ૧૯૬૯માં અમારી મિનિસ્ટ્રીજની સ્થાપના થયા પછીથી ૫૫ અદ્ભૂત વર્ષોમાં અમે સેવાકાર્યમાં દોરાયા છીએ. અમારા મેનેજિંગ એડિટર અને અમારા પુત્ર પાસ્ટર એલેક્સ સેમસન સામ જે અમારી સાથે ઊભા રહ્યા, હાથોમાં હાથ નાખીને મહેનત કરી, તેમણે તેમની જીવનની દોડ પૂરી કરી છે અને ૧૩.૦૨.૨૦૨૫ના રોજ પ્રભુનાં વિસામામાં પ્રવેશ કર્યો છે. અમે તેના જીવન માટે અને લગભગ ૩૦ વર્ષથી તેના ધ્યેયમાંના યોગદાન માટે, ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ. આપણે ફરીથી મળીશું. અમને તમારી પ્રાર્થનાઓની જરૂર છે.

## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની ૫૬મી વર્ષગાંઠનો સમારોહ ઓગસ્ટ મહિનાની ૮મી, ૯મી અને ૧૦મી તારીખના રોજ અમારા સંથોષપુરમની સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના મેદાનમાં યોજાશે. આ સભાઓ દરમિયાન વિશેષ વક્તાઓ સેવા આપશે, અને અમે તમને પ્રાર્થનામાં અને સંગતમાં જોડાવા આમંત્રણ આપીએ છીએ. અમને જણાવતા આનંદ થાય છે કે અમારી વહાલી દીકરી બહેન એન્જેલાઈન સેલ્વાકુમારી, માનદ મુખ્ય સંપાદિકાને અન્ય સમર્પિત સભ્યોની સાથે, અમારા કાર્યાલયોની નવી મુખ્ય વડા તરીકે નિયુક્ત કરવામાં આવી છે. અમે અમારી ટીમને અને મિનિસ્ટ્રીજના ભાગીદારોને વિનંતી કરીએ છીએ કે તેણીને પ્રાર્થનામાં ધરી રાખે અને તેમનો સંપૂર્ણ સાથ સહકાર આપે, કેમ કે અમે આ સેવાકાર્યને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા છીએ.



*બહેન એન્જેલાઈન સેલ્વાકુમારી*

HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858, 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call

## જોશુઆ આંતરરાષ્ટ્રીય યોદ્ધાઓ! (JOSHUA WARRIORS INTERNATIONAL)

છેલ્લા ત્રણ વર્ષથી, અમારું આંતરરાષ્ટ્રીય યોધ્ધાઓનું જૂથ નીચેની મિનિસ્ટ્રીજમાં, સેવાકાર્યોમાં સક્રિયપણે રોકાયેલા છે:

### ૧. જુવાનો તથા બાળકોની કાળજી માટેનું વૈશ્વિક દર્શન :

એક સમર્પિત પ્રાર્થનાનો સમય તમારા સંબંધિત દેશોમાં દરરોજ રાત્રે ૧૦ વાગ્યે રાખવામાં આવ્યો છે. અમે તમને પ્રાર્થના કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ:

***હે યહોવા પ્રભુ, કૃપા કરીને વિશ્વના સર્વ જુવાન પુરુષો, મહિલાઓ અને બાળકોને યાદ રાખો.***

ઈશ્વર આ વર્ષો દરમિયાન આપણી મંડળીઓમાં જુવાનોમાં સામર્થ્યવાન રીતે કામ કરી રહ્યા છે. તમે આ પ્રાર્થના જૂથમાં જોડાઈ શકો છો. આમ તમે આ પ્રાર્થનામાં દરરોજ રાત્રે ૧૦.૦૦ વાગ્યે તમારા સ્થળેથી જ્યાં તમે ભજન કરો છો, ત્યાંથી તમારો સમય આપી શકો છો. ઈશ્વર તમને આશીર્વાદિત કરો.

### ૨. ૨૪ કલાકની સાંકળ પ્રાર્થના :

વૈશ્વિક ધર્મ જાગૃતિ અને લોકોની જરૂરિયાતો માટેના બોજ સાથે, અમે દરરોજ, આખા અઠવાડિયા સુધી ચાલતી, પ્રાર્થનાની અવિરત સાંકળ આયોજિત કરીએ છીએ. અમે તમને તમારા પસંદીદા સમયે એક કલાકના પ્રાર્થના સમયની નોંધણી કરીને ભાગ લેવા આમંત્રણ આપીએ છીએ. કૃપા કરીને તમારું નામ, મોબાઈલ નંબર અને તમે પસંદ કરેલ પ્રાર્થના સમયની માહિતી અમારી ઓફિસમાં મોકલશો.

### ૩. પરિસંવાદો, શિબિરો અને વર્કશોપો :

જુવાનો અને બાળકો માટે વિશેષ તાલીમ સત્રો આંતરરાષ્ટ્રીય સ્તરે હાથ ધરવામાં આવ્યા છે, જે પ્રભુ ઈસુ ખ્રિસ્તના સાક્ષી તરીકે વિશ્વભરના યુવક -યુવતીઓને સંપ્રદાયોના અવરોધોને પાર કરી તૈયાર કરી શકે.


*બહેન આંદ્રીયા ક્રિસમસ હેનરી*

જો તમને આ વૈશ્વિક પ્રાર્થના મિનિસ્ટ્રીનો ભાગ બનવામાં રુચિ છે, તો તમે વિના મૂલ્યે નોંધણી કરી શકો છો, અને અમે તમને સમાચારો અને સાક્ષીઓ સાથે માહીતગાર કરતા રહીશું. બહેન આંદ્રીયા ક્રિસમસ હેનરીએ આ મિનિસ્ટ્રીનો હવાલો સંભાળ્યો છે.

## સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ અને નહેમ્યા બાઈબલ કોલેજો!

અમે **સેન્ટ પોલ મેટ્રિમેટ્રિક્યુલેશન સ્કૂલ** માટે સક્ષમ આગેવાનો તથા શિક્ષકોની શોધ કરી રહ્યા છીએ.


*રેવ. ડૉ. જ્હોન રાજારથનમ*

વધુમાં, અમારી નહેમ્યા બાઈબલ કોલેજોએ અસરકારક રીતે કાર્ય કરવાનું ચાલુ રાખ્યું છે.

(i) **તામિલ વર્ગો** - વેલાચેરી, ચેપૌક અને સંથોષપુરમ (સાંજના વર્ગો, અઠવાડિયાના ત્રણ દિવસ - સોમવાર, મંગળવાર, ગુરુવાર).

(ii) **હિન્દી વર્ગો** - વેલાચેરી (નિવાસી)

મહેરબાની કરીને રેવ. ડૉ. જ્હોન રાજારથનમ, જેઓ વડીલ આચાર્ય તરીકે આ પહેલનું નેતૃત્વ કરી રહ્યા છે, તેમને તમારી પ્રાર્થનાઓમાં ધરી રાખશો.

## સ્વીકૃતિ અને કૃતજ્ઞતા!

અમારા સહયોગી સંપાદકો, અનુવાદકો, સહાયકો, કાર્યાલયના કાર્યકરો, ડીટીપી કાર્યકરો અને છાપખાનાનું કામ કરનાર પ્રિન્ટરોની અમારી સમર્પિત ટીમ માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ, જેમના અથાક પ્રયત્નો દ્વારા અમે ૧૬ ભાષાઓમાં **ઈકો ઓફ હીજ કોલ** સામયિકનું માસિક પ્રકાશન સુનિશ્ચિત કરી શકીએ છીએ. કૃપા કરીને આ ૭૫ વ્યક્તિઓને તમારી પ્રાર્થનામાં ધરી રાખશો.

૧૦૦થી વધુ સેવકો આપણા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચમાં વિશ્વાસપૂર્વક સેવા આપી રહ્યા છે - પાળકો, રવિવારની શાળાના શિક્ષકો, પ્રાર્થના જૂથના આગેવાનો, યુવા આગેવાનો અને ગૃહ પ્રાર્થના જૂથના સંકલનકર્તાઓ તરીકે. અમે આ સેવકો માટે તમારી અવિરત પ્રાર્થનાઓ માટે અને સમર્થન આપવા માટે વિનંતી કરીએ છીએ.

અમે વિશ્વાસમાં દ્રઢ ઊભા રહીએ છીએ, તેમના લોકો દ્વારા દરેક જરૂરિયાતને પહોંચી વળવા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં ભરોસો રાખીએ છીએ. અમે માનવીય બળ પર નહિ પણ ઈશ્વરની જોગવાઈ પર આધાર રાખીએ છીએ. અમે તમને આ મિનિસ્ટ્રી માટે પ્રાર્થનામાં જોડાવા અને ઈશ્વર તમને દોરે તેમ તેનું સમર્થન કરવા માટે પણ પ્રોત્સાહિત કરીએ છીએ.

જ્યારે પ્રભુ પાછા આવશે, ત્યારે તેઓ તમને તે મુજબ બદલો વાળી આપશે.

તમ સર્વની સાથે કૃપા રહો.
તેમની સેવામાં,
**ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી ટીમ**
E.mail : sam@echoofhiscall.org

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

## કૃપા કરીને ધ્યાન આપો....

અમારા પાંચ મિનિટના **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

(પાન ૧થી આગળ...)

તેઓએ તેમની બધી આશાઓ ઈસુમાં મૂકી દીધી હતી, એમ માનીને કે તેઓ લાંબા સમયથી રાહ જોવાતા મસિહા છે જેઓ ઈસ્રાએલનો ઉદ્ધાર કરશે, તેમનો છૂટકારો કરશે. પણ હવે, તેમના મનમાં તેમનું વધસ્તંભ પર જડાવું હજી તાજું હતું, જેણે તેમના સપનોના ચૂરેચૂરા કરી દીધા હતા. જો કે તેમના પુનરુત્થાનની વિશેની ઊડતી વાતો વહેતી થવાની શરૂ થઈ ગઈ હતી, તેમ છતાં તેમના દુઃખ અને શંકાએ તેમની સમજને ઢાંકી દીધી હતી.

જ્યારે તેઓ મુસાફરી કરી રહ્યા હતા તે વખતે, એક અજાણી વ્યક્તિ તેમની સાથે જોડાયા - ઈસુ પોતે - જોકે તેઓ તેમને ઓળખી શક્યા નહોતા. જ્યારે તેમણે તેમને પૂછ્યું કે તેઓ શું વાતચીત કરી રહ્યા હતા, ત્યારે તેઓએ તેમનું દુઃખ

અને મૂંઝવણ વ્યક્ત કર્યા હતા. ઈસુએ ધીરજથી સાંભળ્યું, પછી ધીમેથી તેમને ઠપકો આપ્યો હતોઃ

**"ઓ અણસમજુઓ, તથા પ્રબોધકોએ જે કહ્યું છે, તે સર્વ પર વિશ્વાસ કરવામાં મંદબુદ્ધિનાઓ!"** (લૂક ૨૪:૨૫).

તેમના શબ્દો કઠોર ન હતા, પરંતુ શાસ્ત્રના વચનોને યાદ રાખવા માટે એક **નમ્ર** તેડું હતું- એક યાદ અપાવવા માટે કે દરેક ભવિષ્યવાણી, દરેક દૈવી ખાતરી, હમેશાં તેમની તરફ ધ્યાન દોરતી હતી. કેટલી બધી વાર આપણે પોતાની જાતને શિષ્યોના સ્થાને જોઈએ છીએ? આપણે ઈશ્વરના વચનોને જાણીએ છીએ, તેમ છતાં જ્યારે મુશ્કેલીઓ આવે છે, ત્યારે આપણું ધ્યાન તેમના સત્યને બદલે આપણી મુશ્કેલીઓ તરફ વળે છે. આપણી લાગણીઓ આપણા વિશ્વાસ પર હાવી થઈ જાય છે, આપણને નિરાશ કરી દે છે. પણ ન બદલાતી વાસ્તવિકતા એમ જ રહે છેઃ જ્યારે આપણે તેમને ઓળખવામાં નિષ્ફળ જઈએ ત્યારે પણ, ઈસુ આપણી સાથે ચાલતા હોય છે, ધીરજથી આપણા જીવનોમાં પોતાને પ્રગટ કરવા માટે રાહ જોઈ રહ્યા હોય છે.

## ઈસુ, સર્વ દિલાસાના ઈશ્વર!:

એમ્માસની ઘટના એટલી ગહન છે કે ઈસુએ તેમના શિષ્યોનો સંપર્ક કરવા માટે તેમની સાથે તે માર્ગે જવાનું પસંદ કર્યું હતું. તેમણે તરત જ તેમની ઓળખ મોટાઈ અથવા ભવ્યતા સાથે જાહેર કરી નહોતી. તેને બદલે, તેઓ તેમની સાથે ચાલ્યા, તેમના દુઃખને સાંભળ્યું હતું, અને નમ્રતાથી તેમને સમજણ તરફ દોરી લઈ ગયા હતા. આમ કરીને, તેમણે આપણા સંઘર્ષો વિશેની તેમની ઊંડી જાગૃતિ દર્શાવી હતી. ઈસુ આપણને આપણી ભંગિત તથા દુઃખી ક્ષણોમાં મળે છે. તેઓ ત્વરિત વિશ્વાસની માંગ કરતા નથી અથવા આપણી પીડા રાતોરાત અદ્રશ્ય થાય એવી અપેક્ષા રાખતા નથી. તેને બદલે, તેઓ તેમની પ્રેમાળ હાજરી અને તેમના સત્યના સાજાપણાના સામર્થ્યને રજૂ કરે છે.

તમે ગુમાવેલા સમય વિશે વિચાર કરો - કદાચ પીડાદાયક ભંગાણ પછી, નોકરીની ખોટ અથવા નિષ્ફળતાઓ કે જે અનિશ્ચિત લાગતી હોય. તે ક્ષણોમાં, તમે આશ્ચર્ય પામ્યા હશો કે ઈશ્વર કેમ ચૂપ હતા. છતાં, સત્ય એ છે કે તેઓ હમેશાં ત્યાં હતા - તમારી બાજુમાં, તમારી સાથે ચાલતા હતા, તેમના વચન દ્વારા બોલતા, અને આપણે તેમને ઓળખીએ માટે ધીરજથી રાહ જોતા હતા. ઈસુ આપણને આપણા બોજા તેમની હજૂરમાં લાવવા આમંત્રણ આપે છે, જેનાથી તેઓ આપણા દુઃખને આશામાં પરિવર્તિત કરી શકે. જેમ યોહાન ૧૧:૨૫ જાહેર કરે છે, **"પુનરુત્થાન તથા જીવન હું છું, જે મારા પર વિશ્વાસ કરે છે તે જોકે મરી જાય તોપણ જીવતો થશે."** આ વચનની ખાતરી ફક્ત દૂરના ભવિષ્ય માટે જ નહિ, પણ આપણે દરરોજ જે પડકારોનો સામનો કરીએ છીએ, તેને માટે પણ છે.

## ઈશ્વરના વચનનું સામર્થ્ય! :

જ્યારે શિષ્યોએ તેમની મુસાફરી આગળ ચાલુ રાખી, ત્યારે માર્ગમાં ઈસુએ તેમની આગળ શાસ્ત્રોનો ખુલાસો કરવાનું શરૂ કર્યું હતું. તેમણે જાહેર કર્યું કે કેવી રીતે મૂસાથી લઈને ગીતશાસ્ત્ર સુધીની દરેક ભવિષ્યવાણી તેમના દુઃખમાં તેમના સહન કરવા અને તેમના અંતિમ મહિમા તરફ ધ્યાન દોરતી હતી. તે વાતચીતની ઊંડાઈની કલ્પના કરોઃ દરેક વચન, દરેક ભવિષ્યવાણી, દરેક પૂર્વનિર્ધારિત આગાહી અચાનક જીવનમાં લાવવામાં આવે છે. આશ્ચર્યજનક નથી કે શિષ્યોએ પછીથી કહ્યું હતું કે, **"જ્યારે તે માર્ગે આપણી સાથે વાત કરતો હતો, અને ધર્મલેખોનો ખુલાસો આપણને કરી બતાવતો હતો, ત્યારે આપણાં મન આપણામાં ઉલ્લાસી નહોતાં થતાં શું ?"** (લૂક ૨૪:૩૨).

## જીવંત વચન તથા પુનરુત્થાનની ખાતરી! :

બાઈબલ કંઈ ભૂતકાળનો રહેલો અવશેષ નથી; તે એક જીવંત, સક્રિય માર્ગદર્શિકા છે (હિબ્રૂઓને પત્ર ૪:૧૨) જે આજે પણ આપણા હ્રદયો સાથે વાત કરવાનું ચાલુ રાખે છે. જ્યારે આપણે શાસ્ત્રમાં પોતાની જાતને ડુબાડી દઈએ છીએ, ત્યારે આપણે ઈશ્વરના સત્યથી શંકાઓને તથા આપણી શાંતિને ધમકાવતા ડરને દૂર કરવાનું આમંત્રણ આપીએ છીએ. શિષ્યોને ઈસુની હાજરીના શારીરિક પુરાવાની જરૂર નહોતી - તેઓને તેમના વચનની સમજ આપતા પ્રકાશની જરૂર હતી. અને જ્યારે તે પ્રકાશે તેમની નિરાશાને વીંધી નાખ્યો હતો, ત્યારે તેમના મનો નવી આશાથી ઉલ્લાસીત થઈ ગયા હતા.

રોમનોને પત્ર ૬:૪ પર વિચાર કરો, જે જાહેર કરે છે, **"તે માટે આપણે બાપ્તિસ્માદ્વારા તેની સાથે મરણમાં દટાયા કે, જેમ ખ્રિસ્તને બાપના મહિમાથી મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યો તેમ જ આપણે પણ નવા જીવનમાં ચાલીએ."** આ નવું જીવન પુનરુત્થાનની આશાના પાયા પર બાંધવામાં આવ્યું છે - એક એવી આશા કે જે આપણને અંદરથી પરિવર્તિત કરે છે, અંધારાવાળી ક્ષણોમાં પણ આપણા આત્માઓનું નવીકરણ કરે છે.

## પુનરુત્થાનની ખાતરી! :

પુનરુત્થાન ફક્ત ઈસ્ટરની સવાર સુધી મર્યાદિત રહેલી ઐતિહાસિક ઘટના નથી; તે આપણા વિશ્વાસના પાયાનો ખૂણાનો મુખ્ય પથ્થર છે અને પાપ અને મૃત્યુ ઉપર ઈશ્વરના સામર્થ્યની અંતિમ સાબિતી છે. ૧ કરિંથીઓને પત્ર ૧૫:૨૦-૨૨માં, પાઉલ ઘોષણા કરે છે, **"પણ ખ્રિસ્ત તો મૂએલાંમાંથી ઊઠ્યો છે, અને તે ઊંઘી ગયેલાંનું પ્રથમફળ થયો છે. કેમ કે માણસદ્વારા મરણ થયું, માટે માણસદ્વારા મૂએલાંનું પુનરુત્થાન પણ થયું. કેમ કે જેમ આદમદ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્તદ્વારા સર્વ સજીવન થશે."** આ ગહન સત્ય આપણને ખાતરી આપે છે કે મૃત્યુ એ અંત નથી - નથી આપણા પરીક્ષણો કે નિષ્ફળતા.

ઈસુનો કબર પરનો વિજય ખાતરી આપે છે કે આપણે પણ આપણા સંજોગોમાંથી ઉપર ઊઠી શકીએ છીએ.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ એપ્રિલ ૨૦૨૫ થી ૧૮ મે ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**એપ્રિલ ૧૯ :** અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** ની સર્વ પ્રવૃત્તિઓમાં તેમની દોરવણીને માટે.

**એપ્રિલ ૨૦ :** લાયક અને સમર્પિત નવા ઉમેદવારોની ભરતી કરવાની ક્ષમતા સાથે અમારી સંસ્થાને આશીર્વાદિત કરવા માટે.

**એપ્રિલ ૨૧ :** અમારા સહસંપાદકોના અને તેમના કુટુંબોના જીવનોને માટે.

**એપ્રિલ ૨૨ :** અમારા ચર્ચો પર, રવિવારની શાળા પર, જુવાનોના સેવાકાર્ય પર અને હોસ્પિટલના બહારી કાર્યક્રમો પરના તેમના સતતના આશીર્વાદોને માટે.

**એપ્રિલ ૨૩ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દુષ્ટ પરીબળોથી સુરક્ષિત રાખવા માટે.

**એપ્રિલ ૨૪ :** અમારા બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો (બાઈબલકોર) અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો પર તેમની કૃપાને માટે.

**એપ્રિલ ૨૫ :** અમારી સંસ્થાના કર્મચારીઓ અને તેમના પરિવારોની સુખાકારી અને સંરક્ષણની ખાતરીને માટે.

**એપ્રિલ ૨૬ :** અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજના પાંચ મિનિટના યુટ્યુબ સંદેશાઓ દ્વારા કરવામાં આવેલી સામર્થ્યવાન સાક્ષીઓને માટે.

**એપ્રિલ ૨૭ :** નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે તેમની પૂરું પાડવાની વ્યવસ્થા અને માર્ગદર્શનને માટે.

**એપ્રિલ ૨૮ :** અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં તેમના ભરપૂરીપણાના આશીર્વાદોને માટે.

**એપ્રિલ ૨૯ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર ઈશ્વરના આશીર્વાદને માટે.

**એપ્રિલ ૩૦ :** અમારી બધી ચર્ચ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવા જુવાનોને પ્રેરણા આપવા અને સામર્થ્યવાન કરવા માટે.

**મે ૦૧ :** અમારા મિશન કાર્યકરોની અવિરત પ્રતિબદ્ધતાને માટે.

**મે ૦૨ :** બધા દેશો પર અંધાધૂંધી અને યુદ્ધના ડર વચ્ચે દૈવી રક્ષણને માટે.

**મે ૦૩ :** રાજકીય અને ધાર્મિક વિરોધ વચ્ચે આપણા ખ્રિસ્તી મિનિસ્ટ્રીજોના ઉલ્લાસભર્યા કામોને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**મે ૦૪ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમારી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**મે ૦૫ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓના પ્રવેશ-નોંધણીને માટે.

**મે ૦૬ :** વિશ્વભરમાંની મંડળીઓ આત્માઓ જીતે અને ધર્મ જાગૃતિનો અનુભવ કરે તે માટે.

**મે ૦૭ :** અમારા સુવાર્તા છાપખાનાને માટે અને તેની દરરોજની સરળ કામગીરીને માટે.

**મે ૦૮ :** અમારી સંસ્થાના તમામ કર્મચારીઓમાં એકતા અને સંવાદિતાને માટે.

**મે ૦૯ :** આપણા સર્વ સહ સંપાદકો અને તેમના કુટુંબીજનો પર ઈશ્વરના આશીર્વાદોને માટે.

**મે ૧૦ :** અમારી મિનિસ્ટ્રીજની નાણાંકીય જરૂરિયાતોની વ્યવસ્થાને માટે.

**મે ૧૧ :** મિનિસ્ટ્રીજ તથા મિશનરીઓની વિરુદ્ધ થતી સતાવણીનો અંત આવે તે માટે.

**મે ૧૨ :** ઉત્તર ભારતમાંના મિશનરીઓ અને ઈશ્વરના સેવકો તથા તેમના પરિવારોના સારા સ્વાસ્થ્ય અને સામર્થ્યને માટે.

**મે ૧૩ :** વિશ્વને અસર કરતી આત્યંતિક હવામાન પરિસ્થિતિઓ સામે દૈવી રક્ષણને માટે.

**મે ૧૪ :** માતાઓ જેણીઓ નિસ્વાર્થપણે તેમના બાળકોનું પોષણ કરે છે અને ઉછેર કરે છે.

**મે ૧૫ :** વિશ્વભરમાંના જે બિમાર લોકો લાંબા સમય સુધી હોસ્પિટલમાંના રોકાણોને તથા લાંબી બીમારીઓને સહન કરી રહ્યા છે તેઓને માટે.

**મે ૧૬ :** પૃથ્વી પરના તેમના રાજ્યને આગળ વધારવા માટેના તાજા દ્રષ્ટિકોણો અને માર્ગદર્શનને માટે.

**મે ૧૭ :** વણખેડાયેલા પ્રદેશોમાં નીડરતા તથા તકો સાથે સુવાર્તા વહેંચવા માટે.

**મે ૧૮ :** વિવિધ ક્ષમતાઓમાં અમારી મિનિસ્ટ્રીજોની વૃદ્ધિ તથા વિસ્તરણને માટે.

(પાન ૪ પરથી આગળ...)

જ્યારે જીવનની મુશ્કેલીઓ આપણને ડૂબાડી દે છે, ત્યારે પુનરુત્થાન પરિપ્રેક્ષ્યમાં બદલાણની રજૂઆત કરે છે : આપણી હાલની વેદના અસ્થાયી છે, પરંતુ શાશ્વત, અનંતજીવનની આશા સદાકાળ માટે છે. આ આપણી પીડાને દૂર કરવા માટેનું તેડું નથી પરંતુ ખ્રિસ્તના વિજયના દર્પણ દ્વારા તેને જોવાનું આમંત્રણ છે. તેમનામાં, આપણે સહન કરવાનું સામર્થ્ય, આશાની હિંમત અને આપણે જે જોઈ શકીએ તે કરતાં આગળના ભવિષ્યના વચનની ખાતરી શોધી શકીએ છીએ.

## પરીક્ષણોની વચ્ચે આશા :

પુનરુત્થાનની આશાના પ્રકાશમાં જીવવાનો અર્થ એ નથી કે જીવન પડકારોથી મુક્ત રહેશે. પ્રેરિત પાઉલ આપણને રોમનોને પત્ર ૮:૧૮ માં યાદ અપાવે છે કે, "**કેમ કે હું માનું છું કે, જે મહિમા આપણને પ્રગટ થનાર છે તેની સાથે આ વખતનાં દુ:ખો સરખાવવા જોગ નથી.**" આપણા પરીક્ષણો ભલે કેટલા પણ દુ:ખદાયક હોઈ શકે તે મહત્વનું નથી, તે શાશ્વત મહિમાના પ્રકાશમાં કામચલાઉ છે.

હકીકતમાં, આપણા સંઘર્ષો એ માટે રજૂ થઈ શકે છે જેમાં આપણો વિશ્વાસ મૂળ લે છે અને વૃદ્ધિ પામે છે. યાકૂબનો પત્ર ૧:૨-૪ આપણને આ માટે પ્રોત્સાહિત કરે છે, "**મારા ભાઈઓ, જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો; કેમ કે તમે જાણો છો કે તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઊતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે.**" જ્યારે આપણે પુનરુત્થાનની આશાની ખાતરી સાથે મુશ્કેલીઓ સહન કરીએ છીએ, ત્યારે આપણે આપણી અંદર એક સામર્થ્યને ઉજાગર કરીએ છીએ કે આપણે ક્યારેય જાણતા ન હતા કે તે અસ્તિત્વમાં હતુ.

## વાસ્તવિક જીવનમાં આશા પૂન:સ્થાપન થાય તેની વાત :

ઈતિહાસ એવી વ્યક્તિઓના અહેવાલોથી ભરેલો છે કે જેમણે વધુ પડતા નુકસાનની વચ્ચે નવી આશા શોધી કાઢી હતી. આવી જ એક વાર્તા હોરાટિઓ સ્પાફોર્ડની છે, એક માણસ જેણે અકલ્પનીય દુ:ખ સહન કર્યું હતું. ૧૮૭૩માં, તેણે વહાણની દુર્ઘટનામાં તેની ચાર પુત્રીઓને દુ:ખદ રીતે ગુમાવી દીધી હતી. તેના દુ:ખની ઊંડાઈ અવર્ણનીય હતી. તેમ છતાં, તેની નિરાશામાં પણ, તે ખ્રિસ્તમાં જે આશા હતી તેને વળગી રહ્યો હતો.

જ્યારે તે તેની દુ:ખી પત્નીને ફરી મળવા જવા માટે રવાના થયો, ત્યારે સ્પાફોર્ડ તે જ સ્થળ પાસેથી પસાર થયો જ્યાં તેની પુત્રીઓ ડૂબી ગઈ હતી. ત્યાં, તેની વેદનાની વચ્ચે, તેણે પ્રિય સ્તોત્રના શબ્દો લખ્યા - તે મારા આત્મા સાથે સારુ છે.

ગહન નુકસાન પ્રત્યે સ્પાફોર્ડનો પ્રતિસાદ એમ્માસ જતા શિષ્યોની મુસાફરીનું દર્પણ છે. જો કે તેનું હૃદય ભંગિત થઈ ગયું હતું, તોપણ તેનો વિશ્વાસ અકબંધ રહ્યો હતો. તેને સમજાયું હતું કે ભલે દુ:ખ અનિવાર્ય હોય, પણ નિરાશા એ અંતિમ શબ્દ હોવો જોઈએ નહિ. જેમ શિષ્યોએ ઈસુએ જ્યારે રોટલી ભાંગી હતી, ત્યારે ઓળખ્યા હતા, તેવી જ રીતે સ્પાફોર્ડે શાંતિ અને પુન:સ્થાપનાનો અનુભવ કર્યો હતો જે પુનરુત્થાન પામેલા ખ્રિસ્તની હાજરીથી આવે છે - તેની અંધકારમય ક્ષણોમાં પણ.

## તેમના વિજયના પ્રકાશમાં જીવવું :

પુનરુત્થાન મૃત્યુ પરની જીત કરતાં વધુ છે - તે આપણા જીવનો જીવવા માટે ફરીથી દાવો કરવા માટે આમંત્રણ છે. રોમનોને પત્ર ૮:૩૭ જાહેર કરે છે, "**તોપણ જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે, તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ.**" આ પુનરુત્થાનની આશાનું પરિવર્તનશીલ સામર્થ્ય છે. તે આપણને જીવનના પડકારોનો સામનો કરવા માટે મજબૂત બનાવે છે, આપણને યાદ અપાવે છે કે આપણે આપણા સંઘર્ષો દ્વારા નહિ પરંતુ ખ્રિસ્તના પ્રેમ અને વિજય દ્વારા વ્યાખ્યાયિત છીએ.

આ પ્રકાશમાં રહેવું એ ભરોસો કરવો છે કે દરેક પરીક્ષણનો હેતુ હોય છે અને દરેક દુ:ખમાંથી છૂટકારો મેળવી શકાય છે. તે આપણને નીડરતાથી ચાલવા, કૃપામાં વૃદ્ધિ કરવા અને સત્યને સ્વીકારવા માટે તેડું આપે છે કે તે જ સામર્થ્ય જેણે ઈસુને મરણમાંથી સજીવન કર્યા તે આપણી અંદર વાસ કરે છે. તેનો અર્થ એ છે કે તે આપણા જીવનોને જીવંત સાક્ષીઓ બનવાની મંજૂરી આપે છે જે આશા છે - ભલે તે કેટલી પણ તકલાદી હોય - તે પુન:સ્થાપન અને નવીકરણ કરી શકાય.

## આશાના નવીનીકરણ માટે તેડું :

એમ્માસની વાર્તા ઐતિહાસિક ઘટના કરતા કંઈક વધુ છે - તે આપણ દરેક માટે વ્યક્તિગત આમંત્રણ છે. તે આપણને યાદ અપાવે છે કે શંકા અને નિરાશાની ક્ષણોમાં


નહેમ્યા બાઈબલ કોલેજો

લાયકાત:
૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

પ્રવેશ માટે ઝડપ કરશો!
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન - નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

પણ, ઈસુ આપણી સાથે ચાલે છે. તેમની નમ્ર હાજરી આપણને ખાતરી આપે છે કે વધસ્તંભ એ અંત નહોતો, અને ન તો આપણા વર્તમાન સંઘર્ષો.

## તેથી આવો મને તમને પૂછવા દો:

આજે તમે કયા ભાર ઊંચકીને ચાલી રહ્યા છો? શું તમે ઈસુને તમારા પડકારોમાં તમારી સાથે ચાલવા માટે આમંત્રણ આપ્યું છે?

શું તમે તમારી લાગણી દ્વારા તમારા વિશ્વાસને આકાર આપી રહ્યા છો, અથવા તમે ઈશ્વરના વચનના પરીવર્તિત ન થનારા સત્ય પર દ્રઢ છો?

આ ઈસ્ટરના દિવસે, તમે નિરાશામાંથી આશા તરફ, શંકામાંથી વિશ્વાસ તરફ જવાનું પસંદ કરશો?

જો તમે અજવાળું જોવા માટે સંઘર્ષ કરી રહ્યાં છો, તો હમણાં પ્રાર્થના કરવા માટે થોડો સમય કાઢો. તમારા સંઘર્ષોમાં ઈસુને આમંત્રણ આપો, જેમ તેઓ શિષ્યો સાથે ચાલ્યા હતા. તમારું બાઈબલ ઉઘાડો અને યોહાન ૧૧:૨૫-૨૬ અને ૧ કરિંથીઓને પત્ર ૧૫:૨૦-૨૨ જેવા ફકરાઓ પર મનન કરો. આવો આ વચનો તમને ખાતરી આપે છે કે તેઓ પુનરુત્થાન અને જીવન છે. ભલે તમારું દુઃખ કેટલું પણ ઊંડું હોય, તેમનો આનંદ હમેશા હાજર હોય છે, અને તેમનો પ્રેમ અનંત છે.

## પુનરુત્થાન દ્વારા પરિવર્તિત જીવનને વળગી રહેવું!

પુનરુત્થાનની આશા સાથે જીવવું એ ભવિષ્યના વચનમાં વિશ્વાસ કરવા કરતાં વધુ છે - તે તમારા રોજિંદા જીવનને આકાર આપવા અને પરિવર્તન લાવવાની આશાને મંજૂરી આપવા વિશે છે. તેનો અર્થ એ છે કે જ્યારે આગળનો રસ્તો અસ્પષ્ટ હોય ત્યારે પણ વિશ્વાસમાં આગળ વધવું, ઊંડા ઘાઓ હોવા છતાં માફી આપવી પસંદ કરવું, અને અશક્ય લાગે ત્યારે પણ પ્રેમ કરવો. જેમ પાઉલ આપણને રોમનોને પત્ર ૧૨:૨ માં યાદ અપાવે છે, **"આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો."** આ નવીકરણ ત્યારે શરૂ થાય છે જ્યારે આપણે જાણીએ છીએ કે તે જ સામર્થ્ય જેણે ઈસુને મરણમાંથી સજીવન કર્યા છે તે આપણી અંદર કામ કરી રહ્યું છે - આપણા હૃદયોને બદલીને, આપણા આત્માઓને મજબૂત બનાવે છે, અને જીવન પરના આપણા પરિપ્રેક્ષ્યને ફરીથી વ્યાખ્યાયિત કરે છે.

કલ્પના કરો કે જો તમે ખરેખર માનો છો કે દરેક મુશ્કેલીઓ કામચલાઉ છે, દરેક આંચકો એ વૃદ્ધિની તક છે, અને દરેક આંસુ શાશ્વત આનંદ તરફ આગળ વધવાનું પગથિયું છે, તો તમે પડકારોનો સામનો કેટલો અલગ રીતે કરી શકો છો. આ પુનરુત્થાનની આશાનું સામર્થ્ય છે - તે આપણને એક હિંમતથી ભરી દે છે જે ફક્ત ખ્રિસ્તને જાણીને જ આવી શકે છે.

## પુનરુત્થાનની આશાને સ્વીકારવા માટેના વ્યવહારિક પગલાં!

જ્યારે આપણે ઈસ્ટર અને નવા જીવનના વચનની ખાતરીની ઉજવણી કરી રહ્યા છીએ, અહીં તમારા દૈનિક જીવનમાં પુનરુત્થાનની આશા કેળવવાની કેટલીક રીતો છે:

### ૧. શાસ્ત્રમાં તમારી જાતને ડુબાડી દો:-

ઈશ્વરના વચનને વાંચવા અને તેના પર મનન કરવા માટે દરરોજ સમર્પિત સમયને બાજુ પર રાખો. આવો રોમનોને પત્ર ૬:૪, યોહાન ૧૧:૨૫-૨૬, અને ૧ પિતરનો પત્ર ૧:૩ જેવી કલમોના વચનોમાં તમારા આત્માને મજબૂત કરો.

### ૨. પ્રાર્થના પ્રત્યે સમર્પિત થાઓ :-

ઈશ્વર સાથે પ્રામાણિક, ખરા હૃદયની વાતચીતમાં વ્યસ્ત રહો. આવો તેમની

(આગળ પાન ૯ પર...)

**URGENT NEED**

**Teachers for**

**ST. PAUL'S MATRICULATION SCHOOL,**

**An *Echo of His Call* Institution**

**Vijayanagaram, Medavakkam, Chennai - 100.**

We need well qualified, experienced, dedicated, hard working and mission oriented Christians.

Apply with Bio-data to
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98412 71858

**VERY URGENT NOTICE!**




There may be some unavoidable difficulty in dispatching **Echo of His Call** by post in the very near future. Therefore, if you are really interested to receive **Echo of His Call** continuously, please send us your names, addresses, E.mail addresses and WhatsApp numbers through letters, E.mails, phone calls, WhatsApp or SMS messages immediately.

Please help us to serve you continuously.

**Our address:**

**ECHO OF HIS CALL,**
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai-600 005, India
Cell: (+91) 98412 71858 / 98410 71858
E.mail: sam@echoofhiscall.org

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

**વળી તે રાનને ઠેકાણે સરોવર, અને કોરી ભૂમિને ઠેકાણે ઝરાઓ કરી નાખે છે. — ગીતશાસ્ત્ર ૧૦૭:૩૫.**

૧૯૮૯માં, અમે ભાડેના મકાનમાં રહેતા હતા અને ત્યાં અમારી ભજનસેવાઓ ચલાવતા હતા. વધુમાં, અમારું પ્રાર્થના તથા સલાહ કેન્દ્ર સી.એન.કે. રોડ પર ભાડાના મકાનમાં કાર્યરત હતું. જો કે, બંને મકાનના માલિકોએ અણધારી રીતે અમને તેમના મકાનોને તાબડતોબ ખાલી કરવા કહ્યું હતું.

તે સમયે, હું તથા મારી પત્ની, અમે બન્ને સરકારી અધિકારીઓ હતા. અમારી સ્થિર નોકરી હોવા છતાં, અમારી પાસે પૂરતા નાણાકીય સંસાધનો અને માનવીય સમર્થનનો અભાવ હતો, કેમ કે અમારી મોટાભાગની આવક પ્રભુના કામમાં વિવિધ મિનિસ્ટ્રીજોને માટે સમર્પિત થઈ જતી હતી. અમારી પાસે પૂરતાં પ્રમાણમાં ભંડોળ નહોતું કે અમે અમારું ઘર, ચર્ચ અને **ઈકો ઓફ હીજ કોલ**નું કાર્યાલય બીજા મકાનમાં ખસેડી શકીએ. તદુપરાંત, મકાનમાલિકો સાથે અમારા વતી વાત કરી શકે એવું ત્યાં કોઈ નહોતું. અમારા બે નાના બાળકો પણ આ મુશ્કેલ પરિસ્થિતિમાં અમારી સાથે સહન કરી રહ્યા હતા.

એક સવારે, ઉકેલ શોધવા માટે અત્યંત હતોત્સાહમાં, હું અમારા ઘર માટે, ચર્ચ માટે અને કાર્યાલય માટે નવા મકાનો શોધવામાં લગભગ બે કલાક ચેપોકની શેરીઓમાં પગપાળા ભટકતો રહ્યો હતો. દરેક પગલે, હું તેમની જોગવાઈમાં ભરોસો રાખીને ઈશ્વરની સ્તુતિ કરતો હતો.

રસ્તામાં, હું મકાનના બે દલાલોને મળ્યો અને અમારી તાત્કાલિક જરૂરિયાત સમજાવી. તેઓએ કોઈ પણ લાગણી વિના જવાબ આપ્યો:

આ વિસ્તારમાં તમને કોઈપણ ભાડેથી મકાન આપશે નહિ. તમે મોટેથી પ્રાર્થના કરો છો, મોટા અવાજે 'હાલેલુયા' બોલો છો, અને રાતના સમયે વાજીંત્રો વગાડીને ગીતો ગાઓ છો. આને કારણે અમારા દેવો અને દેવીઓ ગુસ્સે થઈ જાય છે, અને તેમની શક્તિઓ નબળી પડી જાય છે. પરિણામે, અમારે સહન કરવું પડે છે.

તેનાથી વિચલિત થયા વિના, મારી ધીરજને અને આશાને પકડી રાખીને હું ચાલતો રહ્યો. તે પછી, હું એક રોમન કેથોલિક ભાઈને રસ્તામાં મળ્યો અને તેની સાથે મારી હાલત વિશે વાત કરી. તેણે મારી વાત સાંભળી અને કહ્યું,

ભાઈ, ત્યાં એક જૂનું મકાન છે. પણ ત્યાં કોઈ રહેવા માગતું નથી કેમ કે તેઓ માને છે તે ભૂતિયા મકાન છે. આગળના ભાડોત્રીએ તે મકાનમાં આત્મહત્યા કરી હતી, અને લોકોને ડર છે કે ત્યાં કોઈ દુષ્ટ આત્માઓ વાસ કરે છે. પણ તમે પવિત્ર આત્માથી ભરપૂર છો અને આવા આત્માઓને કાઢવાનું સામર્થ્ય ધરાવો છો, તેથી તમે તે મકાન ઓછા ભાડાની કિંમતે ખરીદી શકો છો.

તેના શબ્દોથી મારામાં ખુશીની અને આશાની લાગણી ઊભરાઈ આવી. જો કે, ત્યાં એક મોટો અવરોધ હતો – મારી પાસે ભાડા માટે આગોતરી રકમ ચૂકવવા માટે પચાસ રૂપિયા પણ નહોતા.

હું ઘરે પાછો આવ્યો, ઘૂંટણીયે પડ્યો અને આપણા આકાશમાંના પિતાને આગ્રહથી નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો. ઈશ્વરે અદ્ભૂત રીતે મોટી અજાયબી કરી હતી.

બીજા જ દિવસે, રોજના સમાચારપત્રમાં મને એક જાહેરાત જોવા મળી, જેમાં લખ્યું હતું:

***હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સિયલ કોર્પોરેશને,*** સરકારના સહયોગથી, કાયમી સરકારી અધિકારીઓને તેમના પોતાના મકાનો ખરીદવા માટે આગોતરી રકમ આપતી યોજના રજૂ કરી છે. જેઓ પ્રથમ આવશે, તેઓને પ્રથમ તે પહેલા એ ધોરણે સહાય પૂરી પાડવામાં આવશે.

ખચકાટ વિના, હું મારા કાર્યાલયમાં ગયો અને તરત જ અરજી કરી. સામાન્ય રીતે, મોટેભાગે આવી આગોતરી રકમને મંજૂરી આપવામાં લગભગ પાંચ વર્ષનો સમય નીકળી જાય છે. જો કે, ઈશ્વરની કૃપાથી, નોંધપાત્ર રીતે ટૂંક સમયમાં મને આવશ્યક રકમ મળી ગઈ હતી. મારા આશ્ચર્ય વચ્ચે, મને ભંડોળ મળતાંની સાથે જ યોજના પાછી ખેંચી લેવામાં આવી હતી.

તે રકમ સાથે, અમે જૂના મકાન સાથે એક જમીનનો ટુકડો ખરીદ્યો, જે અમારું નવું નિવાસસ્થાન બન્યું હતું. અમે અમારા ઘરને, પ્રભુમંદિરને અને કાર્યાલયને તે મકાનમાં ખસેડ્યા હતા. અમારા ડરથી વિપરીત, અમને કોઈ દુષ્ટ આત્માઓની હાજરીના કોઈ ચિહ્નો મળ્યા નહિ. ઈશ્વરે અમારા માટે એક અદ્ભૂત રીતે વ્યવસ્થા પૂરી પાડી હતી – અમારું પ્રભુમંદિર ભોંય તળિયે રાખવામાં આવ્યું હતું, પહેલા માળે અમારું નિવાસસ્થાન અને બીજા માળે અમારું કાર્યાલય હતું.

થોડા વર્ષો પછી, ઈશ્વરે અમને જૂના મકાનને તોડી પાડવામાં અને નવું બાંધવામાં સક્ષમ કર્યા હતા. આજે, અમારું છાપખાનું, પ્રભુમંદિર, કાર્યાલય અને નિવાસસ્થાન સર્વ આ નવા મકાનમાં છે.

જ્યારે હું ૧૯૯૪માં સરકારી સેવામાંથી નિવૃત્ત થયો, ત્યારે ઈશ્વરે મને પૂર્ણ રકમ કંઈ પણ બાકી રાખ્યા વિના ચૂકવવામાં સહાય કરી હતી. હવે, હું પ્રભુની સેવા આનંદથી કરું છું.

**"અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે!"** – ગીતશાસ્ત્ર ૩૪:૮.

**********

(પાન ૬ પરથી આગળ...)

વાતચીતમાં વ્યસ્ત રહો. આવો તેમની આગળ તમારા બોજા મૂકો, અને તેમની વાણીને સાંભળીને પૂનઃખાતરી રાખો કે

### ૩. વિશ્વાસીઓના સમુદાયમાં, સંગતમાં :-

તમારી જાતને તે લોકો સાથે ઘેરી લો કે જેઓ તમારા વિશ્વાસને તથા આશાને વહેંચી લે છે. સંગતમાં, તમારો આત્મા મજબૂત બને છે, અને તમે તમારા જીવનમાં ઈશ્વરના પરિવર્તનશીલ કાર્યની સાક્ષીઓની આપલે કરતા હો ત્યારે તમારો વિશ્વાસ વધુ ઊંડો બને છે.

### ૪. તમારા વિશ્વાસમાં જીવો :-

આવો પુનરુત્થાનની આશા તમારી દૈનિક ક્રિયાઓને આકાર આપવા દો. માફી આપવાની રજૂઆત કરવી, કોઈ જરૂરિયાતમંદ પ્રત્યે દયા દર્શાવવી, અથવા અનિશ્ચિતતા હોવા છતાં વિશ્વાસમાં આગળ વધવું, આવો તમારું જીવન ખ્રિસ્તના ઉદ્ધારના સામર્થ્યનું નિવેદન બનવા દો.

### આખરી પ્રોત્સાહન :

આ ઈસ્ટરે, તમે દુઃખમાંથી લઈને આનંદમાં, શંકામાંથી દ્રઢ વિશ્વાસ સુધી, અને નિરાશામાંથી એક એવી આશા સુધી ગહન પરિવર્તનનો અનુભવ કરી શકો કે જે ક્યારેય નિષ્ફળ જશે નહિ. ઈસુનું પુનરુત્થાન ફક્ત ઐતિહાસિક ઘટના નથી; તે આપણા વિશ્વાસનો મજબૂત પાયો છે, એક ઘોષણા છે કે રાત ગમે તેટલી અંધકારમય હોય, તેમનું અજવાળું સદાકાળને માટે પ્રકાશિત થશે.

જ્યારે તમે આ સમયનું પ્રતિબિંબ છોડો છો, ત્યારે તમારી સાથે તમે ખાતરી રાખો છો કે ઈસુ તમારી મુસાફરીના દરેક પગલામાં તમારી સાથે ચાલે છે. તેઓ તમને તમારો બોજો છોડી દેવા અને તેમના પ્રેમ અને વિજય દ્વારા નવા જીવનને સ્વીકારવા માટે આમંત્રણ આપે છે. આવો તમારું હૃદય તેમના વચનના સામર્થ્ય માટે ખુલ્લું રહો, અને તમે આત્મવિશ્વાસ સાથે દરેક દિવસનો સામનો કરવાની શક્તિ શોધી શકો, એ જાણીને કે તમે તેમના દ્વારા વિજેતા કરતા કંઈક વધારે છો.

આવો ૨ કરિંથીઓને પત્ર ૫:૧૭ના વચનોને તમારી અંદર પડઘો પાડવા દો: **“માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે; જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે.”**

ઈસ્ટરનો દિવસ આ નવા જીવનને રજૂ કરે છે તેને સ્વીકારો. આવો પુનરુત્થાનની આશા તમારા વિચારોને પ્રકાશિત કરવા દો, તમારી ક્રિયાઓને પ્રેરણા આપવા દો અને તમારા દિવસોને એક સુસ્પષ્ટ રીતે આનંદથી ભરી દો જે ફક્ત ખ્રિસ્ત જ આપી શકે છે.

તમારા જીવનની કોઈ પણ મોસમ હોય, તેનાથી કોઈ ફરક પડતો નથી, ફક્ત જાણો કે ઈસુ પાસે છે. તમારું હૃદય ખુલ્લું કરો, તેમના વચનોની ખાતરીઓ પર ભરોસો કરો અને તેમણે તમારા માટે તૈયાર કરેલા નવા જીવનમાં હિંમતભેર પગલું ભરો. આવો આશાનો આ સંદેશ, પુનરુત્થાનના સામર્થ્ય પર આધારીત, તમારી અંધકારમય ક્ષણોમાં પ્રકાશનો એક સ્રોત બનો. આમીન!

************

## શ્રદ્ધાંજલિ



પાસ્ટર એલેક્સ સેમસન સામ

મારા વહાલા આત્મિક મિત્ર, પાસ્ટર સામ સેલ્વારાજના એકમાત્ર દીકરા, પાસ્ટર એલેક્સ સેમસન સામ, ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ પામ્યા છે. જો કે તેઓ હવે અમારી સાથે નથી, તેમનો વારસો અમારા હૃદયોમાં રહેલો છે.

અમે ભાઈ સામ સેલ્વારાજ, તેમના પરિવાર તથા **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ના સંપૂર્ણ કાર્યાલયીન કર્મચારીઓ પ્રત્યે ઊંડો દિલાસો વ્યક્ત કરીએ છીએ.

પાસ્ટર એલેક્સ સેમસન સામ એક દયાળુ, આદરણીય અને શાંત વ્યક્તિ હતા. તેમની હૂંફ અને અવિરત વિશ્વાસે **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ** તરફ અસંખ્ય જુવાનોને દોર્યા હતા, અને **જોશુઆ વોરિયર્સ ઈન્ટરનેશનલ** તેમના પ્રભાવનું સાક્ષી છે.

દૈવી તેડાંને અંતઃકરણપૂર્વક સ્વીકાર્યા પછી, તેમણે તેમના ૪૧ના જીવનમાંના ૩૦થી વધુ વર્ષો ક્યારેય દુન્યવી વૈભવોની પાછળ ન જતા એક પાસ્ટર તરીકેની સેવા કરવા માટે સમર્પિત કર્યા હતા. તેમણે સમર્પિત હૃદય સાથે પોતાનું સેવાકાર્ય શારીરિક વેદના સહન કરીને કોઈ પણ ફરિયાદ વિના કર્યું હતું.

તેઓ જીવન અને મૃત્યુનું ગહન સત્ય સમજ્યા હતા:

***જે મૃત્યુને સમજી શકે છે તે એક વિજેતા બની જાય છે.***
***એક સાચો વિજેતા કોઈ ડર જાણતો નથી.***
***વિશ્વાસમાં ચાલનારા લોકો પર, મૃત્યુ કોઈ વર્ચસ્વ ધરાવતું નથી.***

જ્યારે ઘણા જીવનના ફળનો આનંદ માણવા માટે જન્મે છે, ત્યારે પાસ્ટર એલેક્સે ભક્તિ અને સંયમનો, સ્વઃનકારનો માર્ગ પસંદ કર્યો હતો. તેમના અવિશ્વસનીય વિશ્વાસને કારણે, ઈશ્વર તેમને પુષ્કળ આશીર્વાદિત કરશે અને તેમને તેમની બાજુમાં સ્થાન આપશે – પૃથ્વી પર અને સ્વર્ગમાં દૈવી ન્યાયનું એક સાક્ષીરૂપ નિવેદન.

આવો આપણે તેમની યાદમાં દુઃખી થઈને નહિ પણ દ્રઢ હૃદયોથી તેમને સન્માનિત કરીએ. આપણે તેમને આપી શકીએ છીએ તે સૌથી મોટી શ્રદ્ધાંજલિ એ છે કે **ઈકો ઓફ હીજ કોલ**નું મિશન કાર્યને અવિરત પ્રતિબદ્ધતા સાથે ચાલુ રાખવું એ જાણીને કે તેમનો આત્મા આપણી સાથે રહે છે.

દુઃખીત હૃદયની પ્રાર્થનાઓ સાથે,
પી. શિવાપ્રકાશમ અને સી. મુથ્થુ તથા પરીવાર
(પાસ્ટર એસ. સામ સેલ્વરાજના અંગત મિત્રો)



*પી. શિવાપ્રકાશમ*



*સી. મુથ્થુ*

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | | |
|---|---|---|
| Branch | : | Triplicane, Chennai-5 |
| Name | : | S. Sam Selva Raj |
| A/C No. | : | 1023 2934 679 |
| IFSC | : | SBIN 00 00 249 |
| SWIFT CODE | : | SBI NIN BB 455 |

### *2. Bank : ICICI Bank*

| | | |
|---|---|---|
| Branch | : | Anna Salai, Chennai-6 |
| Name | : | Echo of His Call |
| A/C No. | : | 6038 0502 2319 |
| IFSC | : | ICIC 000 6038 |

### *3. Bank : State Bank of India*

(This Account is for Tax Exemption for Indians only )

| | | |
|---|---|---|
| Branch | : | Triplicane, Chennai-5 |
| Name | : | Echo of His Call Educational Trust |
| A/C No. | : | 1023 2923 805 |
| IFSC | : | SBIN 00 00 249 |

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th APRIL 2025

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**